વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિઓના સમાચારનું ગુજરાતી માસિક

# કોશિશ થી કામયાબી



૧૫ મે - ૨૦૧૭
અંક નં. ૫૩

શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા ટ્રસ્ટ સંચાલિત

## પ્રાથમિક વિભાગ



નર્સરીના વર્ગ માટેની એડ્મિશનની પ્રક્રિયા



રાજ્યપાલશ્રી ઓમપ્રકાશ કોહલીની શાળા મુલાકાત



વર્ગમાં શૈક્ષણિક કાર્ય



યોગાસનો કરતાં બાળકો



દુલ્હન શૃંગાર પ્રોજેક્ટની પ્રવૃત્તિ



શાળા સંચાલક મંડળ મીટિંગ



વિક્ટોરીયા પાર્કની દિવાલ પર ચિત્ર દોરતાં બાળકો



શાળા પ્રવેશોત્સવ

હવે આપ વેબસાઈટ www.klinstitutedeaf.org અને pnrsociety.org ઉપર પણ 'કોશિશ થી કામયાબી' જોઈ શકો છો

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 May - 2017 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 06



શ્રવણયંત્ર વિતરણ



વર્ગમાં શૈક્ષણિક કાર્ય



કોમ્પ્યુટર શીખતાં બાળકો



હસ્તકલાના નમૂના તૈયાર કરતાં...



ચિત્રની હરિફાઈમાં મેડલ મેળવતાં...



શાળાની 'પી.ટી. ઉષા' પ્રભા સોલંકી



ટોય્ઝ લાઈબ્રેરીમાં બાળકો



લાયબ્રેરીમાં વાંચન કરતાં...

શ્રી ખી.લ. બહેરાં-મૂંગા પ્રાથમિક શાળા એટલે **શ્રવણમંદ બાળકોના શૈક્ષણિક જીવનનો એક મહત્વનો ધબકાર !**

પોતાના ઘરમાં પોતાના કુટુંબીજનો દ્વારા કે સમાજમાં પોતાની ખામીને કારણે સ્વીકાર્યા હોય કે ના હોય પણ આ શાળા, આ બાળકોને સો ટકા સ્વીકારી અને તેનામાં નવચેતના ભરે છે.

એમ કહેવાય છે કે જન્મથી પાંચ વર્ષની ઉંમરનો સમયગાળો, એ **જ્ઞાન પ્રાપ્તિનો સુવર્ણ સમય છે.** આ વાતને ધ્યાને લઈ આ શાળામાં ત્રણ થી સાડા ત્રણ વર્ષની ઉંમરના બાળકોને દાખલ કરવામાં આવે છે અને તેઓનું **અર્લી ઈન્ટરવેન્શન** થાય છે.

જન્મથી જે બાળકે અવાજ કે ભાષાનો અનુભવ કર્યો નથી, જે પોતાનું નામ કે પોતાની ઓળખાણ પણ જાણતો નથી, તેવા **કોરી પાટી સમાન** ભૂલકાઓમાં આ શાળા દ્વારા, નીતનવી ભાષા, વાણી અને જ્ઞાનની રેખાઓ કંડારવામાં આવે છે. આ બાળકોના વિકાસમાં જો વાલીઓનો સહકાર મળે તો, સોનામાં સુગંધ ભળે તે હેતુથી શાળામાં, **'મધર ટ્રેનિંગ'** પ્રોગ્રામ ચલાવાય છે. જેમાં માતા કે તે બાળકનું કોઈપણ સ્વજન તાલિમ લઈ શકે છે.

શાળામાં, નર્સરીથી ધો. ૮ સુધીના પ્રાથમિક શિક્ષણમાં ગણિત, વિજ્ઞાન, સમાજ-પર્યાવરણ, ગુજરાતી, વ્યાકરણ, હિન્દી, અંગ્રેજી જેવા વિષયોના અભ્યાસક્રમને, **ગુજરાત પાઠ્યપુસ્તક મંડળ** ના પુસ્તકો દ્વારા, શિક્ષણ અપાય છે.

આ ઉપરાંત બાળકોના સર્વાંગી વિકાસ માટે રમત (ઈન્ડોર-આઉટડોર ગેમ્સ), કોમ્પ્યુટર, ચિત્ર, સિવણ, ક્રાફ્ટ, જેવી સહઅભ્યાસક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે, જે ભવિષ્યમાં આ બાળકોના પુનઃસ્થાપન અને કારકિર્દી માટે પણ ખૂબજ સહાયરૂપ નીવડે છે.

કોઈપણ ઈમારતની મજબૂતાઈનો આધાર તેનો પાયો કેવો છે ? તેના પર હોય છે. એજ રીતે બાળકના ઉચ્ચ શિક્ષણ અને કારકિર્દી માટે, આ શાળામાં પ્રાથમિક શિક્ષણના પાયાને ખૂબજ મજબૂત કરવામાં આવે છે.

બાળક શાળામાં આવે એટલે તેના કાનની તપાસ થાય છે અને તેની શ્રવણમંદતાના પ્રમાણના આધારે, તેમને યોગ્ય શ્રવણયંત્ર (હિયરીંગ એઈડ) અપાય છે, જે તેમની ભાષા અને વાણી શિક્ષણમાં ઉપયોગી થાય છે. અદ્યતન ટેક્નોલોજી અને પધ્ધતિઓનો ઉપયોગ કરી, વિશેષ તાલિમ લીધેલાં શિક્ષકો દ્વારા, આ બાળકોની શિક્ષણપ્રક્રિયા ચાલે છે. ડિજીટલ કલાસરૂમ, સ્માર્ટબોર્ડ, શૈક્ષણિક સોફ્ટવેર, ઈન્ટરનેટ વગેરે દૃશ્ય-શ્રાવ્ય માધ્યમથી, વિવિધ ટેક્નીકના ઉપયોગથી, આ બાળકોનો અભ્યાસ વેગવંતો બનાવાય છે. શાળામાં થતી તહેવારની ઉજવણી, પ્રવાસ, મુલાકાત, રાષ્ટ્રીય પર્વની ઉજવણી, વિજ્ઞાન પ્રદર્શન, પ્રયોગ શિક્ષણ, વિશેષ દિવસોની ઉજવણી દ્વારા, બાળકોમાં જ્ઞાનનો સંચાર કરવામાં આવે છે.

રમત-ગમત, ચિત્ર, બુદ્ધિ કસોટી તથા સાંસ્કૃતિક ઈવેન્ટની રજૂઆતમાં, આ શાળાના બાળકોએ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ મેળવી છે.

પંખીઓ અને ફૂલછોડની વચ્ચે વિહરીને, લાઈબ્રેરીમાં અવનવા પુસ્તકો વાંચીને, ટોય્ઝ લાઈબ્રેરીમાં વિવિધ રમકડાંઓથી રમીને, યોગાસનો કરીને, મેદાનમાં રમતો રમીને, આ બાળકોમાં આનંદ અને ઉત્સાહની લાગણી ઉભરાય છે. આ બધી પ્રવૃત્તિઓમાં બાળકો મોજ, મજા અને મસ્તી માણે છે. આ અદ્યતન યુગમાં, શ્રવણમંદ બાળકો માટે **કોકલિયર ઇમ્પ્લાન્ટ સર્જરી** નો નવો રાહ ખુલ્યો છે, જેનો વ્યાપ વધ્યો પણ છે જેને ધ્યાને લઈ, આ સર્જરી કરાવેલાં બાળકોની યોગ્ય વાણી અને ભાષા વિકાસ માટેનો વર્ગ શાળામાં ચાલે છે.

શાળામાં બ્યુટીપાર્લર, DTP (કોમ્પ્યુટર), સિવણ, ક્રાફ્ટ (હસ્તકલા), ચિત્ર, ફોટોગ્રાફી જેવી વોકેશનલ ટ્રેનિંગ આપવામાં આવે છે, જે બાળકોને પગભર થવા માટે સજ્જ કરે છે. શ્રવણમંદ બાળકોના શિક્ષણ ક્ષેત્રે આવતી નવી વિચારધારાઓથી શિક્ષકો સતત માહિતગાર રહે, અપડેટ રહે, તે માટે સંસ્થામાં સમયાંતરે વર્કશોપ-સેમિનારનું આયોજન કરાય છે.


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/2016-18, Monthly
- અંક નં. ૫૩ : ૧૫ મે - ૨૦૧૭
- પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  E-mail : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  Visit us : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  અનંત કે. શાહ
- સહતંત્રી
  અશ્વિન પંડ્યા
  કિરીટ રાઠોડ
- પ્રિન્ટિંગ
  અંબા ઑફસેટ, ગાંધીનગર.
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦
- ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી.
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  રાજેશ પટેલ
- સંપાદક મંડળ
  લીલા ચૌહાણ
  વૈશાલી યોગી
  શશીકાંત વડિયા
  આરિફ જેઠવા
  નીતા રૈયા
  હિના મહેતા
  પારસ શાહ
  ભરત કનાડા
  મનસુખ સોરઠિયા



- જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |





'કૃષ્ણલીલા' ની કૃતિ રજૂ કરતાં


રાષ્ટ્રીય પર્વની ઊજવણી (ધ્વજવંદન)


સ્માર્ટ કલાસમાં બાળક


નવરાત્રીની ઉજવણી


અંગ્રેજી ડિક્ષનરી મેળવતાં બાળકો


શાળાના ક્રિડાંગણમાં રમતાં


બાળકોની આરોગ્ય તપાસ


પ્રવાસ (અલંગ-શીપ બ્રેકીંગ યાર્ડ)



સર જહોન વિલ્સન સંસ્થાની મુલાકાતે



કલેર હિક્સ, સંસ્થાની મુલાકાતે



પૂર્વ ગવર્નરશ્રી કમલા બેનીવાલ સંસ્થાની મુલાકાતે



સંસ્થાની મુલાકાતે પૂર્વ મુખ્યમંત્રીશ્રી



પૂર્વ મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ સંસ્થાની મુલાકાતે



'મહિલા દિને' શિક્ષિકાબહેનોનું સન્માન



શિક્ષકગણ

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 May - 2017 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 06

# 'વિશ્વ બધિર દિન'ની ઉજવણી



**નોંધ :-** સંસ્થાને અપાતું દાન ઈન્કમટેક્ષના કાયદાની કલમ 80-G હેઠળ કરમુકત છે. ચેક **"શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા ટ્રસ્ટ"**ના નામનો બનાવવો. RTGS થી ટ્રાન્સફર કરવા માટે એકાઉન્ટ નંબર નીચે મુજબ છે.

**બેંકનું નામ :** સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા કૃષ્ણનગર શાખા, ભાવનગર.
**ખાતા નંબર** : 5600900643
**IFSC Code :** SBIN0060009

**:: વધુ માહિતી માટે સંપર્ક ::**
**સંસ્થાના માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા (મો. ૦૯૩૭૫૭૫૭૧૭૦) અને માનદ્ કોષાધ્યક્ષશ્રી જીતુભાઈ શાહ (મો. ૦૯૮૨૫૦૧૭૬૪૭)**



રાધા-કૃષ્ણ
શ્રવણમંદ ભૂલકાં

## શાળાની જરૂરિયાતો

- ◈ સ્ટુડન્ટસ કન્વેયન્સ કોર્પસ ફંડ
- ◈ સ્ટાફ વેલ્ફેર કોર્પસ ફંડ
- ◈ ઈ. લર્નિંગ પ્રોજેક્ટ સહાય
- ◈ શિશુપાલક કોર્પસ ફંડ
- ◈ સાધન સહાય કોર્પસ ફંડ
- ◈ નાસ્તા-જમણ-પ્રવાસ વિ. સહાય

**PRINTED MATTER**

If undelivered, Please return to
Shri Shah K. L. Institute for the Deaf, 51, Vidyanagar, Bhavnagar-364 002. (Gujarat)

............ વધુ માહિતી માટે સંપર્ક ............
**શ્રી શાહ ખી. લ.**
**બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ**
૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૨. (ગુજરાત-ભારત.)
ફોન : (૦૨૭૮) ૨૪૨૯૩૨૬ / ૨૪૨૦૮૩૬
ફેક્સ : (૦૨૭૮) ૨૪૩૧૧૬૦
E-mail : klinstitute.deaf@gmail.com
Web site : www.klinstitutedeaf.org